Chapter. 5

પ્રકરણ : ૫

ઉપસંહાર

પ્રકરણ-૫ ઉપસંહાર

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં અખો અને મધ્યકાલીન મરાઠી સાહિત્યમાં તુકારામનાં સર્જન કાર્ય વિશે ભાગ્યે જ કોઈ અજાણ હશે. આ બંને સર્જકોએ પોતપોતાનાં ભાષાસાહિત્યમાં અડીખમ ઊભા રહી શકે એવું સામર્થ્ય દર્શાવી સર્જનાત્મક પ્રતિભા દ્વારા આગવી ઓળખ જમાવી છે. એક જ સમયગાળામાં અખાનું ગુજરાતી સાહિત્યમાં અને તુકારામનું મરાઠી સાહિત્યમાં સ્વરૂપ અને અભિવ્યક્તિ પરત્વે ક્રાંતિકારી વલણ રહ્યું છે. અનેક પરિમાણો અને પ્રવાહોની દૃષ્ટિએ એમની સર્જકતાને મૂલવવાનો મારો અહીં પ્રયત્ન રહ્યો છે. આધુનિકયુગમાં પણ એમના સાહિત્યિક મૂલ્યો અકબંધ રહ્યાં છે.

પ્રથમ પ્રકરણને ત્રણ પેટાવિભાગોમાં વહેંચવાનું મને ઉચિત લાગ્યું છે. મેં પસંદ કરેલા બે સાહિત્યકારો સિવાયના મધ્યકાળના ગુજરાતી સાહિત્યમાં અન્ય સર્જકોના પ્રદાનની નોંધ લઈ એમની લાક્ષણિકતાઓ સૂક્ષ્મતાથી તપાસી છે. એવી જ રીતે બીજા પેટાવિભાગમાં મરાઠી સાહિત્યમાં જેમનું ~~મહત્ત્વનું~~ મહત્વનું પ્રદાન રહ્યું છે એવા સર્જકોની વિશેષતાઓ દર્શાવી ત્રીજા પેટાવિભાગમાં યુગસંદર્ભે બંને ભાષાઓના વાઙ્મયના સામ્ય-વૈષમ્ય તપાસી મારાં અવલોકનો નોંધ્યાં છે. ઉપરાંત આ પ્રકરણમાં ગુજરાતી સાહિત્યની મધ્યકાળની મુખ્ય કહી શકાય એવી કેટલીક કૃતિઓ જેમકે, શ્રીધર વ્યાસ રચિત રણમલ્લ છંદકાવ્ય, નરસિંહના પદો, પ્રેમાનંદકૃત નળાખ્યાન, અખાકૃત અખેગીતા, અજ્ઞાત સર્જક રચિત વસંતવિલાસ, ભાલણની કાદંબરી, પદ્મનાભનો કાન્હડદે પ્રબંધ અને દયારામ કૃત રસિકવલ્લભની ચર્ચા કરી છે. તે સિવાય મધ્યકાળના લોકસાહિત્યને ટૂંકમાં સમાવવાનો પ્રયત્ન પણ કર્યો છે.

એવી જ રીતે બીજા પેટા પ્રકરણમાં મધ્યકાળની મરાઠી સાહિત્યની નોંધપાત્ર કૃતિઓનો અભ્યાસ રજૂ કર્યો છે. તેમાં મરાઠી સાહિત્યનો આદ્યગ્રંથ તરીકે ઓળખાતો વિવેકસિંધુ, જ્ઞાનેશ્વર કૃત જ્ઞાનેશ્વરી, ગંગાધર સરસ્વતી રચિત દત્તસંપ્રદાયનો આદ્યગ્રંથ ગણાતો ગુરુચરિત્રગ્રંથ ઉપરાંત રામદાસ કૃત દાસબોધનો સમાવેશ કર્યો છે. આ તમામ કૃતિઓની લાક્ષણિકતાઓ તેમજ ખાસ વિશિષ્ટતા દર્શાવી તેની ચર્ચા કરી છે. સાથેસાથે મરાઠી સાહિત્યનાં મહત્વનાં કહી શકાય એવા મધ્યકાલીન સાહિત્ય સ્વરૂપો જેમકે, ઓવી, કથાકવિતા, આખ્યાન, અભંગ વગેરેની સાહિત્યલક્ષી ચર્ચા કરી તેની મર્યાદાઓ તપાસી છે.

બીજા પ્રકરણમાં જ્ઞાની કવિ અખાનો મૂલગામી અભ્યાસ રજૂ કર્યો છે. અહીં પણ ત્રણ પેટાવિભાગો પાડ્યા છે. એકમાં અખાના કુટુંબજીવન વિશે વાત કરતાં એનાં ઘડતરપરિબળોને ધ્યાનમાં

રાખી અખાના વ્યક્તિત્વના આધારો શોધ્યા છે. સાથે-સાથે એની સ્વભાવગત લાક્ષણિકતાઓ પરત્વે કેવી ઘટનાઓએ એના વિકાસમાં ભાગ ભજવ્યો છે અને સમાજદર્શન કરતાં કરતાં, ઠોકરો ખાતાં સમાજનાં કેવા પડઘા એના સાહિત્યમાં ઝિલાયા છે એની વિગતે ચર્ચા કરી છે. બીજા પેટાવિભાગમાં અખાની સર્જનકૃતિઓને કાવ્યકળાની દૃષ્ટિએ અભ્યાસવાનો ઉપક્રમ રાખ્યો છે. જેમાં અખાની અખેગીતા, અનુભવ બિંદુ, પંચીકરણ અને છપ્પાનો સમાવેશ કર્યો છે. અખાએ તો લખ્યું છે કે,

''જ્ઞાનીને કવિતા ન ગણેશ, કિરણ સૂર્યના કેમ વણેશ ?
શબ્દ કરો શઢ કયમ થાય ? આકાશ તે કયમ તોળ્યું જાય ?
એવું વચન અણલિંગીતણું, અખા નહીં કો પર-આપણું.''

અખો પોતાની જાતને કવિ નહિ પણ જ્ઞાની જ માને છે. છતાં એના સર્જનમાં કાવ્યતત્ત્વ કેવું ભરપુર છે તેની ઊંડાણથી તપાસ કરી અભ્યાસ રજૂ કર્યો છે. એજ રીતે ત્રીજા પેટા વિભાગમાં અખાના તત્ત્વજ્ઞાનની વિશેષતાઓ દર્શાવી છે.

આ પ્રકરણમાં અખાનાં તત્ત્વજ્ઞાનમાં તેના જીવ, બ્રહ્મ, માયા, જ્ઞાન, ભક્તિ અંગેના વિશાળ દૃષ્ટિકોણ ધરાવતાં વિચારોની સદૃષ્ટાંત ચર્ચાઓ કરી તેનાં એ પાસાઓનો અભ્યાસ રજૂ કર્યો છે. ઉપરાંત અખો સમાજ સાથે કેટલી અને કેવી રીતે સતત involve રહ્યો છે તેની ચર્ચા તેના સમાજ પરના કટાક્ષો અને 'અખો સમાજસુધારક તરીકે' એવા સંદર્ભે કરવાનો પ્રયત્ન કર્યો છે. આ સાથે જ પ્રાકૃત ઉપનિષદો અંગેનું અખાનું જ્ઞાન દર્શાવવાનો ઉપક્રમ રાખ્યો છે.

ત્રીજા પ્રકરણને પણ ત્રણ પેટાવિભાગોમાં વિભાજિત કર્યુ છે. તુકારામના કુટુંબજીવનની જાણકારી મેળવી એમનાં ઘડતર પરિબળો તપાસ્યાં છે. તો બીજા વિભાગમાં એમના સમગ્ર અભંગ સાહિત્યનું મૂલ્યાંકન કરી કાવ્યકળાની દૃષ્ટિએ તેમાં કેવી વિશેષતાઓ નજરે ચઢે છે તે દર્શાવ્યું છે. તુકારામનાં અભંગ સાહિત્યમાં તુકારામ ગાથા, તુકારામનાં સ્ફુટ અભંગો તેમજ પ્રેમલક્ષણાભક્તિનાં પદોને વિગતે ચર્ચ્યા છે. સાથેસાથે અભંગના સાહિત્યિક માળખાની ચર્ચાનો પણ તેમાં સમાવેશ કર્યો છે.

તુકારામે પોતાના તત્કાલીન સમાજનું ચિત્રણ અંભગો દ્વારા કર્યુ છે. આવા અભંગો તુકારામની સમાજાભિમુખતા દર્શાવે છે ઉપરાંત તેમાંથી તુકારામ કયા દૃષ્ટિકોણથી સમાજને સુધારવા માંગે છે તે સ્પષ્ટ થાય છે. સમાજ સુધારક અને વિદ્રોહી એવા તુકારામ અભંગોમાંથી કેવી રીતે ઉભરી આવે છે તે અહીં તપાસ્યું છે.

ચોથા પ્રકરણમાં એક જ યુગમાં બે નજીકના રાજ્યોમાં, બે ભગિની ભાષાઓમાં સમર્થ યોગદાન આપનાર અખા અને તુકારામની હિન્દી પદરચનાઓનું પ્રથમ પેટાવિભાગમાં મૂલ્યાંકન કરવાનું

મને યોગ્ય લાગ્યું છે. અખાના છપ્પા અને તુકારામના અભંગોનો પ્રભાવ તત્કાલીન સાહિત્યજગતમાં એટલો બધો રહ્યો છે કે એમની હિન્દી પદરચનાઓ તરફ સહેલાઈથી ધ્યાન જતું નથી. મને અહીં એ પદોનો અભ્યાસ કરવાનું યોગ્ય લાગવાથી તેનો સમાવેશ કર્યો છે. બીજા વિભાગમાં બંનેના તત્ત્વજ્ઞાનમાં કેટલાં સામ્ય-વૈષમ્ય છે તેનો અભ્યાસ રજૂ કર્યો છે. અખાનું અદ્વૈતનું તત્વજ્ઞાન એટલે સાકાર ભક્તિ દ્વારા નિરાકાર તરફની ગતિને ખૂબ જ સૂક્ષ્મતાથી અવલોકી મારા અંગત મંતવ્યો વ્યકત કર્યા છે.

અખા અને તુકારામનો સમય મધ્યકાળનો હતો. જેમાં માનવીની કેટલીક મૂળભૂત જરૂરિયાતોનો અભાવ અને પરાધીન, જડ એવી સામાજિક તથા વૈયક્તિક પરિસ્થિતિનો પ્રભાવ ઘણો ઊંડો હતો. આવા સમયે આ બંને જ્ઞાની સર્જકોએ પોતાના સાહિત્ય સર્જનથી પ્રજામાં સંચાર કરવાનું કામ સુપેરે પાર પડ્યું હતું. મને લાગે છે કે આજે પણ પરિસ્થિતિ વધારે બદલાઈ નથી. એ સમય જો મૂળભૂત જરૂરિયાતોના અભાવનો હતો તો આજનો સમય આ બધી જરૂરિયાતોના અતિરેકનો છે. પ્રજાની પરિસ્થિતિ ઝાઝી બદલાઈ નથી. આજે પણ સમાજમાં ઢોંગી ગુરુઓ, પાખંડીઓ પોતાના મતને જ ઉત્તમ કહેવડાવનારા સંપ્રદાયિકો છે જ ! પ્રજા તેમનાથી આકર્ષાઈને તેમને પૂજે છે, તેમના કહેવાતા ગુરુઓનાં જથ્થાબંધ કૌભાંડો છાશવારે ખુલતાં જ રહે છે. છતાંય પ્રજામાં આ બધાથી દૂર રહેવાની વૃત્તિ આવતી નથી એ હકીકત સ્વીકારવી પડે એમ છે. એવી જ રીતે મનની શાંતિ અને પોતાના કર્મોનું વળગણ આજે પણ એકબીજાનાં પૂરક છે. નોકરી-ધંધામાં ગળાકાપ સ્પર્ધાનો ભોગ બનેલો માનવી અતિ ઉચ્ચ પ્રકારની મહત્વાકાંક્ષાઓ સેવતો થયો છે. તેને માટે ગમે તેવાં પગલાં લેવા તૈયાર હોય છે. પ્રાપ્ત કરવા ધારેલી બાબત પ્રાપ્ત કરીને રહે છે પણ તેમાં તે પોતાનું સત્ત્વ ગુમાવી બેસે છે, તે પોતાનો આંતરીક પોકાર સાંભળી શકતો નથી. ભૌતિકવાદના રવાડે ચડેલો માનવી માનસિક સુખશાંતિ, આધ્યાત્મિક ગુણો મેળવવા માટે આજે જાતજાતનાં ગતકડાં સ્વીકારતો થયો છે. પણ થોડોક સમય પોતાની જાત માટે કાઢી શકતો નથી પરિણામે અસહ્ય માનસિક દ્વંદ્વોનો તે ભોગ બન્યો છે.

આજેપણ સંતુલિત જીવન જીવી શકાય છે. જો આ બધી ભૌતિકતારૂપે વળગેલી માયા, સંબંધોની ખેંચતાણ અને આંતરિક કલહોને દૂર કરી શકીએ તો ! (અખાનાં શબ્દોમાં માયાનું વળગણ છોડીને બ્રહ્મની પ્રાપ્તિ) ઉચ્ચ જીવન, ઉદાત્ત વિચારો દ્વારા પોતાનો તેમજ સમાજ પોતાના કર્તવ્યોને નૈતિકતાની દષ્ટિએ પૂરા કરવાથી મન ઉપર કોઈ બોજ રહેતો નથી. મને લાગે છે કે અખો અને તુકારામની વાણીની આજે તાતી આવશ્યકતા છે. આજે પણ અખો અને તુકારામનાં ઉદ્ગારો, ઉપદેશો અને સિદ્ધાંતો એટલાજ મૂલ્યવાન લાગે છે જેટલાં મધ્યકાળમાં હતા. આજે આપણી સાથે દેહસ્વરુપે ભલે અખો અને તુકારામ હયાત નથી પણ તેમની શબ્દદેહ દ્વારા હજી પેઢીઓની પેઢીઓ સુધી તેઓ આપણી પાસે રહેશે.